

(તસ્વીરો : દિનેશ ત્રિવેદી, સતીષ જાદવ)

# શ્રાવણનો છેલ્લો સોમવાર : મહાદેવના મંદિરોમાં ભક્તોની ભારે ભીડ

**ભક્તો દ્વારા** આખો માસ ઉપવાસ, એકટાણા કરાયા બાદ અંતિમ દિવસે અનેક સ્થળે ભંડારાઓ પણ યોજાયો

સુરત : એકટાણા, ઉપવાસ, અભિષેક અને રાતભર પૂજાની સાથે સુરતવાસીઓ દ્વારા ઉજવવામાં આવેલા શ્રાવણ માસની આજે પાંચમા સોમવાર સાથે પુર્ણાહુતિ થઈ હતી. આજના છેલ્લા સોમવાર અને શ્રાવણના છેલ્લા દિવસે શહેરભરના મંદિરોમાં ભક્તો ઉમટી પડ્યા હતા. અનેક મંદિરોમાં મહાદેવના દર્શનની સાથે ભંડારાઓ પણ રાખવામાં આવ્યા હતા. શ્રાવણ માસ પુરો થઈ જતા દારૂ અને નોન-વેજ.ના શોખીનો માટે પણ ઉજાણી કરવાના રસ્તાઓ ખુલી ગયા હતા.

દેવાધિદેવ મહાદેવનો શ્રાવણ માસ ગણાય છે. શ્રાવણ માસમાં શિવજીની પૂજા કરવી તે એક લ્હાવો ગણાય છે. ભક્તો શ્રાવણ માસ દરમ્યાન રોજ મંદિરોમાં પૂજાની સાથે શિવજીને અભિષેક કરે છે. મંદિરોમાં રોજ નીતનવા ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. મંદિરોમાં આખા શ્રાવણ માસ દરમ્યાન ભજન-કિર્તન કરવામાં આવ્યા હતા. દરરોજ નવા નવા કાર્યક્રમ સાથે હવન અને મહાઆરતીના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. દર વર્ષે સરેરાશ શ્રાવણ મહિનામાં ચાર સોમવારો હોય છે પંરતુ આ વર્ષે શ્રાવણ મહિનામાં પાંચ સોમવારો આવ્યા હતા. દર સોમવારે મહાદેવની આરાધના કરવા માટે ભાવિક ભક્તો મહાદેવમાં ઉમટી પડતા હોય છે. તેમાં પણ આજે શ્રાવણ મહિનાનો છેલ્લો સોમવાર હોય શહેરના વિવિધ મહાદેવના મંદિરોમાં ભક્તોના ભારે ભીડ જોવા મળી હતી. શહેરના છેવાડે ઓલપાડ સ્થિત સિદ્ધનાથ મહાદેવના મંદિરે લોકોએ રાત્રીએ ચાલીને દર્શનનો લ્હાવો લીધો હતો. તેમજ કામરેજ પાસે આવેલા ગલતેશ્વર મહાદેવના મંદિરમાં પણ ભક્તોના ભારે ભીડ જોવા મળી હતી.

### નોનવેજ અને દારૂના શોખીનો હવે દિલથી ઉજાણી કરી શકશે

**દરરોજ** દારૂ અને નોનવેજ ખારાના લોકો પણ મહાદેવની પૂજા કરે છે અને શ્રાવણ મહિનો પાળે છે. શ્રાવણ મહિનાની પૂર્ણાહૂતિની સાથે જ હવે દારૂ તેમજ નોનવેજના શોખીનો માટેનો માર્ગ મોકળો બની જશે અને હવે તેઓ દિલથી ઉજાણી કરી શકશે. સુરતીઓ માટેનું સૌથી પ્રિય સ્થળ એવું દિવ-દમણ, સેલવાસમાં પણ હવે લોકો ઉજાણી કરવા માટેના પ્લાન બનાવી નાંખશે. ખાવા-પિવામાં મોજીલા સુરતીઓએ એક મહિના સુધી શ્રાવણ પાળીને હવે આવતીકાલથી ફરી પાછા ખાવા-પીવામાં વ્યસ્ત થઇ જશે.

## ‘નીટ’ મામલે ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓનું અલગ મેરિટ બનાવો



(તસ્વીરો : દિનેશ ત્રિવેદી)

■ સુરત શહેરમાં વાલી મંડળ દ્વારા જિલ્લા કલેકટરને ફરિયાદ કરવામાં આવી છે, તેમાં જણાવ્યાનુંસાર સુપ્રિમ કોર્ટ દ્વારા પણ કબૂલાત કરવામાં આવી છે કે રીજયુનલ લેંગ્વેજમાં પેપર કપરા નીકળતા હજારો વિદ્યાર્થીઓને સહન કરવાની નોબત આવી છે, હવે જો આ બાબતની કબૂલાત ખુદ સુપ્રિમ કોર્ટ કરતી હોય તો પછી આ મામલે રાજય સરકાર પણ તમિલનાડુ સરકારની જેમ રાજયના વિદ્યાર્થીઓ માટે કાર્યવાહી કરે તે જરૂરી છે, તમિલનાડુ સરકારે નીટના મેરિટની એસીતેસી કરીને વિધાનસભામાં ઠરાવ કરીને તેઓની ઇન્ટરનલ સીસ્ટમ યથાવત રાખી છે, આ મામલે યોગ્ય નિર્ણય કરવા માટે રાજય સરકારને અપીલ કરવામાં આવી છે. જિલ્લા કલેકટરને આ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# પાલ RTOની પાછળ તંત્રની મનાઈ છતાં ફરી રેતીખનન શરૂ થઈ ગયું!

**અગાઉ** ભુસ્તરશાસ્ત્રીએ મનપાના સ્ટાફને સાથે રાખી ગેરકાયદે દબાણો હટાવ્યા હતા અને પ્રતિબંધ મુક્યો હતો

સુરતઃ સુરત શહેરમાં હજીરા રોડ ઉપર આવેલી પાલ આરટીઓ કચેરી પાછળ ચાલી રહેલા ગેરકાયદે રેતીખનનને અટકવવાના સરકારી તંત્રના પ્રયાસો નાકામ રહયા છે. ગયા સપ્તાહમાં પાલ આરટીઓ પાછળ ભુસ્તરશાસ્ત્રીની ટીમે મનપાના સ્ટાફ સાથે રાખી મોટાપાયે દરોડા પાડયા હતા. આ દરોડા પાછળનો મૂળ હેતુ ઉમરા પાલ બ્રિજને નડતર રુપ દબાણો દુર કરવાનો હતો. આ દબાણો દુર કરવા માટે જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી ડી.કે. પટેલએ અડાજણ મામલતદાર તેમજ સંબધિત વિભાગને પત્ર પાઠવી જાણ કરી દીધી હતી. પાલ આરટીઓ પાછળ તાપી કિનારે ગણીને એક વ્યકિતને રેતી કાઢવા પરમીટ આપવામાં આવી હતી.

પરમીટની શરતોનુસાર રેતી કાઢવા માટે કોઇ મશીનરી કે યાંત્રિક બોટનો ઉપયોગ પ્રતિબંધિત હતો. તેમછતાં આ સ્થળે પરમીટનું ખુલ્લેઆમ ઉલ્લંઘન થયેલુ બહાર આવ્યુ હતુ. જેને પગલે જિલ્લા ભૂસ્તરશાસ્ત્રીએ તાત્કાલિક અસરથી આ સ્થળે અપાયેલી પરમીટ રદ કરી હતી. તેમની તપાસમાં આ સ્થળે અન્ય નાની મોટી ઓરડીઓ ચણાયેલી જણાઇ હતી. આ સ્થળે બીજા અન્ય અગિયારેક વ્યકિતઓ ગેરકાયદે રેતીખનન કરતા ઝડપાયા હતા. તેમને નોટીસો પણ આપવામાં આવી હતી. પરંતુ આ નોટીસ પાછી પણ ફરી પાલ આરટીઓ પાછળ ફરી રેતી કાઢવાનું શરુ થઇ ગયું હતું. જિલ્લા ખાણ-ખનિજ અધિકારીએ આ સ્થળે દબાણ દુર કરવા માટે અડાજણ મામલતદારને જાણ કરાયેલી પણ અડાજણ મામલતદારે કોઇ કામગીરી નહી કરતા ફરી આ સ્થળે બેરોકટોક ગેરકાયદે રીતેખનન શરુ થઇ ગયુ છે.

### રેતીચોરોને છોડાશે નહી : ભૂસ્તરશાસ્ત્રી

**સુરત જિલ્લા** ભૂસ્તરશાસ્ત્રી ડી.કે.પટેલને પાલ આરટીઓ પાછળ ચાલી રહેલા ગેરકાયદે રેતીખનન અંગે પુછતા તેમને કહ્યુ હતુ કે ગયા વીકમાં તેમન નોટીસો પાઠવી દેવાઇ છે. જો તેમછતાં તેઓ પાલ ખાતે ગેરકાયદે રેતીકાઢી ભૂસ્તર વિભાગને પડકાર ફેંકતા હોય તો તેમને છોડવામાં આવશે નહી. તેમની સામે કડક પગલા ભરાશે.

## જીએસટીની અસર બાબતે તમામ કાર્યવાહી કરવાની સત્તા મ્યુનિ.કમિ.ને અપાશે

સુરત : કેન્દ્ર સરકારે લાગુ કરેલા જીએસટીની અસર સુરત મહાનગર પાલિકાને પણ થઈ રહી છે. મનપાના જુદા જુદા પ્રોજેકટ અને સેવાઓથી માંડીને મનપાની જુદી જુદી આવક પર થનારી અસર બાબતે વિસ્તૃત છણાવટ તેમજ આનુશાંગિક કાર્યવાહી માટે મનપા કમિશનરને અધિકુત કરવાના થતા હોય શાસકો સમક્ષ દરખાસ્ત મુકવામાં આવી છે.

વિસ્તૃત વિગતો મુજબ જીએસટીને કારણે મનપાના ઈજારદારોમાં ઘણી અસમંજસતા હતી. જેથી ઈજારદારો તેમજ અધિકારીઓ માટે ટેક્ષ કન્સલ્ટન્સના સેમીનારો ગોઠવ્યા બાદ ૧લી જુલાઇ પહેલા અને પછીના બીલો વિશે કમિશનર સ્તરે નકકી થયેલી પોલીસી તેમજ જીએસટીના કારણે મનપાના તમામ ક્ષેત્રે થનારી અસરો અને તેને આનુસાંગિક કાર્યવાહી બાબતે છણાવટ કરીને શાસકો સમક્ષ દરખાસ્ત મુકવામાં આવી છે.

# જુગારીઓએ સીસીટીવી મુકી દીધા હતા કે પોલીસ આવે તો તુરંત ભાગી શકાય!

**બમરોલી** રોડની ચામુંડા એસ્ટેટમાં ચાલતા જુગારધામ પર પોલીસે છાપો મારી કારખાનેદાર સહિત છને પકડી લીધા

**જે સીસીટીવી** પોલીસથી બચવા મુક્યા હતા તેનું જ રેકોર્ડિંગ હવે જુગારીઓ સામે પુરાવા બની ગયું

સુરતઃ બમરોલી રોડ ચામુંડા એસ્ટેટમાં સીસીટીવીની સુરક્ષા વચ્ચે ચાલતાં જુગારધામ ઉપર પોલીસે છાપો મારી કારખાનેદાર સહિત છને ઝડપી લઇ રોકડાં ૪૬,૪૭૦, છ મોબાઇલ ફોન, ચાર મોટર સાયકલ સહિત ૨.૨૭ લાખની મત્તા કબજે લીધી હતી. કારખાનામાં સીસીટીવી રાખવામાં આવ્યા હોઇ પોલીસે ડીવીઆર પણ કબજે લીધું હતું.

પાંડેસરા પોલીસ મથકના સબ ઇન્સપેકટર એમ.સી. ચૌહાણ અને તેમની ટીમે રવિવારે સાંજે પોણા છ વાગ્યાના અરસામાં બમરોલી રોડ ચામુંડા એસ્ટેટમાં ખાતા નંબર ૭૫માં રેઇડ કરી હતી. અહીં કારખાનું ચલાવતો અને ભટાર મંગલમૂર્તિ એપા.માં રહેતો હાર્દિક અમરત પટેલ કારખાનામાં જુગાર રમાડી રહ્યો હોવાની પોલીસને બાતમી મળી હતી. રેઇડ દરમ્યાન હાર્દિક તથા ત્યાં જુગાર રમવા આવેલાં પાંડેસરા સાંઇબાબા સોસાયટીના ગીનીશ બાબુ પટેલ, અલથાણ બંસીધર એપા.ના કિરણ અમૃત પટેલ, પાંડેસરા કર્મયોગી સોસાયટીના મહેન્દ્ર શિવાજી પાટીલ, નીતીન ભીમા મેરાડે અને ઉધના મહાદેવ નગરના વિજય બાબુ કંસારાને ઝડપી લીધા હતા.

આરોપીઓ પાસેથી પોલીસે રોકડાં રૂપિયા ૪૬,૪૭૦, છ મોબાઇલ ફોન અને ચાર મોટક સાયકલ સહિત ૨,૨૭,૪૭૦ની મત્તા કબજે લીધી હતી. અહીં સીસીટીવી ગોઠવવામાં આવ્યા હોઇ પોલીસે તેનું ડીવીઆર પણ કબજે લીધું હતું. પોલીસની રેઇડ પડે તે સંજોગોમાં ભાગી શકાય તે માટે રાખવામાં આવેલાં સીસીટીવી કામ લાગવાને બદલે તેમની વિરૂધ્ધ પુરાવા બની ગયા હતા. હે.કો. અજીતસિંહ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# દુકાનની ડુપ્લિકેટ ચાવી બનાવી નોકર રોકડા રૂપિયા પાંચ લાખ લઈ ગયો!

**રીંગરોડની** ક્રિષ્ણા માર્કેટમાં દુકાન ધરાવતા નવિન શારદાએ ગોવિંદસિંગને પોતાને ત્યાં નોકરીએ રાખ્યો હતો

સુરત : રીંગરોડની ટેક્સટાઇલ માર્કેટમાં કાપડ વેપારીના નોકરે દુકાનની ડુપ્લીકેટ ચાવી બનાવી લઇને ડ્રોઅરમાંથી રોકડા રૂા. ૫ લાખની ચોરી કરી ફરાર થઇ ગયો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ સિટીલાઇટ રોડ ઉપર અગ્રેસન ભવન પાસે ઓપેરા હાઉસમાં રહેતા નવિન શ્યામ સુંદર શારદા કાપડનો વેપાર કરે છે અને રીંગરોડ ક્રિષ્ણા ટેક્સટાઇલ માર્કેટમાં રિદ્ધી સિદ્ધી ફેબ્રીક્સના નામથી કાપડની દુકાન ધરાવે છે. ઘર તેમજ દુકાનના કામ માટે તેઓએ રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના ઢુંડી ગામના વતની અને સુરતમાં પુણાગામ અર્ચના સ્કૂલ પાસે સીતારામ સોસાયટીમાં રહેતા ગોવિંદસિંગ ભેરૂસીંગ રાજપૂતને નોકરીએ રાખ્યો હતો. નવિનભાઇએ દુકાનની ચાવી ગોવિંદસિંગને આપી હતી અને વહેલી સવારે દુકાન ખોલીને દુકાનમાં સાફસફાઇ તેમજ અન્ય પરચુરણ કામ કરતો હતો.

દરમિયાન ગોવિંદસિંગએ દુકાનની ડુપ્લીકેટ ચાવી બનાવી લીધી હતી. અને બે દિવસ પહેલા ધંધા માટે આવેલા રોકડા રૂા. ૫ લાખ દુકાનના ડ્રોઅરમાં મુકેલા હતા તેની પર ગોવિંદસિંગની નજર ગઇ હતી અને ડુપ્લીકેટ ચાવી વડે લોક ખોલીને રોકડા રૂા. ૫ લાખ ચોરી લઇ ફરાર થઇ ગયો હતો. બીજા દિવસે સવારે ગોવિંદસિંગ દુકાને આવ્યો ન હતો અને તેનો ફોન બંધ આવ્યો હતો. નવિનભાઇએ ઓરીજનલ ચાવી વડે દુકાન ખોલીને તપાસ કરતા પાંચ લાખ મળી આવ્યા ન હતા. જે અંગે સલાબતપુરા પોલીસમાં ફઇરયાદ નોંધવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ટ્રસ્ટ મેનેજમેન્ટ તરફથી ખોરદાદસાલની ઉજવણી કાર્યક્રમ

સુરતઃ ટ્રસ્ટ મેનેજમેન્ટ ઓફીસ સુરત તરફથી મહરૂમ માણેક અને મરહુમ રતન નોશીર ગેઆરા ઉત્સવ ઉજવણી સમિતિ તરફથી આવતીકાલે મંગળવારે ખોરદાદસાલની ઉજણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. જેમં સંગીતસંધ્યા તથા સમસ્ત પારસી જરથોસ્તી સમાજ માટે જમણનું પણ આયોજન છે. જે સૈયદપુરા વિસ્તારમાં એંટીની ધર્મશાળા ખાતે સાંજે ૭ થી ૧૦ દરમિયાન યોજાશે.

### મોટા વરાછામાં રત્નકલાકારનો રહસ્યમય આપઘાત

સુરતઃ મોટા વરાછાના વેદાંત રેસીડન્સીમાં રહેતા રત્નકલાકાર વિશાલ દિપક ઝાલાવડીયા (ઉ.વ. ૨૦) એ રવિવારે રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. મૂળ ભાવનગરનો રહેવાસી વિશાલના પિતરાઇ ભાઇની સગાઇ હોવાથી સહપરિવાર ત્યાં ગયો હતો. જયાં જમ્યા બાદ વિશાલ માતા-પિતા અને ભાઇ-બહેન કરતા ઘરે વ્હેલો આવી ગયો હતો અને તેણે એકલતાનો ગેરલાભ લઇ આપઘાતનું પગલુ ભરી લીધું હતું. છ મહિના અગાઉ જ સગાઇ કરનાર વિશાલે કયા કારણોસર આપઘાતનું આત્યાંતકિ પગલુ ભર્યુ તે અંગેનું રહસ્ય ઘેરાય રહ્યું છે. અમરોલી પોલીસે આપઘાતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### જી.ડી. ગોએન્કા સ્કૂલ દ્વારા રેડ લેટર ડેની ઉજવણી કરાઇ

સુરત : જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ (જીડીજીઆઇએસ)ના ઓડિટોરીયમમાં રેડ લેટર ડેની ઉજવણી સાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમમાં ગ્રેડ ૩ અને ૫ના વિદ્યાર્થીઓના માતા-પિતા ઉપસ્થિત રહ્યા હતા અને સ્ટેજ ઉપર પોતાના બાળકોના અદ્દભૂત પર્ફોમન્સથી તેઓ ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા. ગ્રેડ-૩ના વિદ્યાર્થીઓએ એ-ઝેડ ધ યુનિવર્સ ઇન મી ઉપર સુંદર નાટકની રજૂઆત કરી હતી. જ્યારે ગ્રેડ-૫ના વિદ્યાર્થીઓએ ઇન્સપિરેશન્સ ઇન અ બોક્સ ઉપર અર્થસભર નાટની રજૂઆત કરીને તમામને ગર્વ અપાવ્યું હતું. આ પ્રોગ્રામમાં વાઇસ પ્રિન્સીપાલ મોનીકા ખુરાનાએ સ્વાગત પ્રવચન આપ્યું હતું અને ત્યારબાદ ગુરુ શિષ્ય પર્ફોમન્સ યોજાયું હતું. સમગ્ર ગોએન્કા ટીમના સહિયારા પ્રયાસો અને સખત મહેનતને કારણે દર વખતની જેમ આ વખતે પણ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

### મીટિંગમાં કોર્પોરેટરોને બોલાવવા કે નહી તે પક્ષની આંતરિક બાબત છેઃ કોંગ્રેસ પ્રમુખ હસમુખ દેસાઈ

સુરત : તાજેતરમાં અહેમદ પટેલ તેમજ કોંગ્રેસના ધારાસભ્યોને સન્માનવાના કાર્યક્રમ અંગેની ભટારમાં નૈષધ દેસાઇના ફાર્મ હાઉસમાં મીટિંગમાં કોર્પોરેટરોને નહી બોલાવવાના મુદ્દે શહેર કોંગ્રેસ પ્રમુખ હસમુખ દેસાઈએ જણાવ્યું હતું કે કોર્પોરેટરોને બોલાવવા કે નહી તે પક્ષની આંતરિક બાબત હોય છે. કોને મીટિંગમાં સામેલ કરવા અને કોને નહી તેનો નિર્ણય હાઈકમાન્ડ કરતી હોય છે. આ મીટિંગમાં પ્રદેશ સ્તરના નેતાઓએ હાજર રહેવાનું હતું અને કોર્પોરેટરોની હાજરીની કોઈ જરૂરીયાત નહોતી.

### ચેમ્બર દ્વારા ‘ટેક્ષ્ટાઇલ પર્વ’ અંતર્ગત નિષ્ણાતોના વકતવ્યોની શ્રેણી યોજાશે

સુરત, સોમવારઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રીસોર્સ એન્ડ રીસર્ચ સેન્ટર (જીએફઆરઆરસી)ના ઉપક્રમે ‘ટેક્ષ્ટાઇલ પર્વ’નું આયોજન તા. ૬/૯/૨૦૧૭ થી તા. ૧૨/૯/૨૦૧૭ દરમિયાન દરરોજ સાંજે ૬:૦૦ કલાકે કરવામાં આવનાર છે. જેનો શુભારંભ બુધવારે તા. ૬/૯/૨૦૧૭ના રોજ નાનપુરા સ્થિત સમૃધ્ધિ ખાતે થનાર છે. જેમાં મુખ્ય મહેમાન તરીકે ભારત સરકારના ટેક્ષ્ટાઇલ મંત્રાલયના ટેક્ષ્ટાઇલ કમિશ્નર ડો. કવિતા ગુપ્તા, એસઆરટીઇપીસીના ચેરમેન નારાયણ અગ્રવાલ તથા મુખ્ય વકતા તરીકે એસઆરટીઇપીસી મુંબઇના પૂર્વ ચેરમેન સંજય સરન ‘એક્સપોર્ટ માર્કેટીંગ’ વિષય પર વકતવ્ય રજૂ કરનાર છે. પર્વના બીજા દિવસે તા. ૭/૯/૨૦૧૭ના રોજ ‘ન્યુ ડેવલપમેન્ટ્સ ઇન પોલિસ્ટર ફાઇબર ફેબ્રિક્સ ‘વિશે રીલાયન્સ ઇન્ડિયા લિ.ના આસિસ્ટન્ટ વાઇસ પ્રેસીડેન્ટ માર્કેટીંગ અસીમ કુમાર પાન વકતવ્ય રજૂ કરનાર છે. ત્રીજા દિવસે તા. ૮/૯/૨૦૧૭ના રોજ ‘ન્યુ ડેવલપમેન્ટસ ઇન નાયલોન ફેબ્રિકસ વિશે નિષ્ણાંત વકતા તરીકે સેન્ચ્યુરી એન્કા લિ.ના વાઇસ પ્રેસીડેન્ટ સંજય મેહરોત્રા અને ‘નેચરલ ફાઇબર ફેબ્રિકસ’ વિશે નિષ્ણાંત વકતા તરીકે ગ્રાસીમ ઇન્ડિયા લિ.ના બિઝનેસ ડેવલપમેન્ટ વિભાગના જનરલ મેનેજર કિરણ પંડયા વકતવ્ય રજૂ કરનાર છે. પર્વના ચોથા દિવસે તા. ૯/૯/૨૦૧૭ના રોજ ‘ફેશન ટ્રેન્ડ ફોરકાસ્ટીંગ વિશે વકતવ્ય રજૂ થશે. પાંચમાં દિવસે તા. ૧૧/૯/૨૦૧૭ના ‘ન્યુ ટેકનોલોજી ઇન વિવિંગ એન્ડ નીટીંગ’ વિશે નિષ્ણાંત વકતા તરીકે ટેક્ષ્ટાઇલ એન્જિનિયરીંગ એન્ડ ફેબ્રિક ફોર્મિંગના સુરત ખાતેના હેડ અપૂર્વ જરીવાલા વકતવ્ય રજૂ કરનાર છે. પર્વના સમાપન દિને તા. ૧૨/૯/૨૦૧૭ના રોજ સાંજે ૬:૦૦ કલાકે ‘ન્યુ ટ્રેન્ડસ ઇન ટેક્ષ્ટાઇલ્સ’ વિશે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ.નાં મુંબઇ ખાતેના ફિલામેન્ટ બિઝનેસ હેડ જે. રઘુનાથ વકતવ્ય રજૂ કરશે. ડી. ક્રિષ્ણા ફેબ્રિકસ અને શાહલોન ઇન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.ના સહયોગથી યોજાઇ રહેલા આ પર્વમાં વિનામૂલ્યે ભાગ લેવા નીચે દર્શાવેલ લિંક પર રજિસ્ટ્રેશન કરાવવા વિનંતી છે.

# શિક્ષણ સમિતિમાં એસી રીપેર નહી કરાવ્યું તો વિપક્ષો પ્રમુખની ચેમ્બરની બહાર મુકી આવ્યા

**સમિતિના** ભાજપ શાસકો વિપક્ષોને હેરાન કરવા માટે એસી રીપેર નહી કરતા વિપક્ષોએ નવો દાવ અજમાવ્યો

સુરતઃ હાલમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પોલ ખુલ્લી પાડી દેનાર વિપક્ષ સભ્યોને ભાજપ શાસકો ખોટી રીતે હેરાન કરી રહ્યા હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે, આ આક્ષેપમાં વિપક્ષ સભ્ય સુરેશ સુહાગીયા અને નટુ પટેલે જણાવ્યું કે છેલ્લા કેટલાય મહિનાઓથી તેમનું એસી બંધ છે, તેને વારંવાર ફરિયાદ કરવામાં આવી હોવા છતાં આ રીપેર કરવામાં આવતું ન હતુ.

દરમિયાન ખોટી રીતે હેરાન કરવામાં આવતા તેઓએ આખરે થાકીને આ એસી પ્રમુખની ચેમ્બરની બહાર કાઢીને મૂકવું પડયું હતું. શિક્ષણ સમિતિની ખરીદ સમિતિ અધ્યક્ષની સહી ન હોવાનું જણાવીને તેઓને એસીના મામલે હેરાનગતિ કરવામાં આવતા તેમણે આ એસી આખરે શાસનાધિકારીની કેબિનમાં મૂકી દીધુ છે. આ ઉપરાંત એક વખત સામાન્ય સભામાં એજન્ડા મંજૂર હોય પછી તેમાં વ્હાઇટનર લગાવીને ફેરફાર કરવામાં આવે છે, આવી ખોટી રીતે જો પ્રવૃતિ કરવામાં આવી તો તેઓ દ્વારા ઉગ્ર આંદોલન છેડવામાં આવશે

# RTOને ફોરવ્હીલ રજીસ્ટ્રેશનમાં ‘RB’ સિરીઝથી ૨૫.૩૩ લાખની આવક થઈ

**વાહનોની** નોંધણીમાં ૯૯૯ નંબરના ૧.૨૭ લાખ જ્યારે ૧ નંબર માટે રૂપિયા ૧.૨૫ લાખની બોલી બોલાઈ

સુરત : સુરત આરટીઓ દ્વારા જ્યારે જ્યારે ફોરવ્હીલરો માટે નવી નવી સિરીઝ બહાર પાડવામાં આવે છે ત્યારે સિરીઝની સાથે લકી નંબરોની હરાજી પણ કરવામાં આવે છે. રૂા. ૩૦૦૦ થી શરૂ થતી આ હરાજીનો આંકડો લાખો રૂપિયા સુધી પહોંચે છે. સુરત આરટીઓ દ્વારા ‘આરબી’ નામની સીરીઝ બહાર પાડવામાં આવી હતી. જેમાં અલગ અલગ પાંચ સ્કીમો રાખવામાં આવી હતી. દરેક સ્કીમોમાં આરટીઓને અલગ અલગ આવકો પ્રાપ્ત થઇ હતી. ટોપ-૧૦ નંબરોમાં જ આરટીઓને રૂા. ૬.૯૫ લાખની આવક થઇ હતી. જેમાં ૯૯૯ નંબર માટે રૂા. ૧.૨૭ લાખ, એક નંબર- માટે રૂા. ૧.૨૫ લાખ, અને ૧૦૧ માટે રૂા. ૮૧,૮૧૮ની આવક જ્યારે હરાજીમાં ગોલ્ડન નંબર માટે રૂા. ૬.૬૦ લાખ, સિલ્વર નંબર માટે રૂા. ૩.૦૫ લાખ, એલોટેડ નંબર માટે રૂા. ૧.૧૧ લાખ અને સૌથી વધુ સિંગલ નંબર માટે રૂા. ૧૪.૫૫ લાખની આવક થઇ હતી.

# પર્યુષણના ચોથા દિવસે નાનપુરા જૈનસંઘમાં કલ્પસુત્રની મહતા સમજાવતા આચાર્ય ભગવંત

**જ્ઞાનપદનું** પૂજન, અષ્ટપ્રકારી પૂજા તેમજ ગૂરૂ પૂજન સાથે કલ્પસુત્રનું વાંચન શરૂ થયું

સુરતઃ અઠવાગેટ સ્થિત નાનપુરા જૈનસંઘમાં કુલચંદ્રસુરિજી અને પદ્મદર્શનવિજયજીની પાવન નિશ્રામાં કલ્પસૂત્ર ગ્રંથનું વાંચન ભારે ભાવોલ્લાસપૂર્વક શરૂ થયું હતું. જ્ઞાનપદના પૂજન, અષ્ટકારી પૂજા અને ગૂરૂ પૂજન થયા બાદ વિધિવત રીતે કલ્પસુત્રનું પઠન કરતા આચાર્ય કુલચંદ્રસૂરિજીની નિશ્રમાં આચાર્ય ભગવંત પદ્મદર્શનવિજયજીએ જણાવ્યું હતુ કે, કલ્પ એટલે આચાર. આચાર સંબંધી જેમાં વર્ણન કરવામાં આવ્યું છે તે ગ્રંથ એટલે કલ્પસુત્ર. સાધુ જીવનના આચારો આ ગ્રંથમાં બતાવવામાં આવ્યા છે. સમગ્ર શાસન આચાર થકી ચાલે છે. આચાર એ શ્રેષ્ઠ કોટીનો ધર્મ છે. તમારા વિચારો ગમે તેટલા ઉચ્ચ કોટીના હોય પણ જો આચારના ક્ષેત્રે નબળા હો તો ન ચાલે. આજે સમગ્ર વ્યવહાર આચાર દ્વારા જ ચાલે છે. આજે સમાજથી માંડીને સમગ્ર રાષ્ટ્રમાં આચારભ્રષ્ટતા ખદબદી રહી છે. સ્કૂલો હોય કે કોલેજો! સર્વત્ર આચારક્ષેત્રે હીનતા પ્રવર્તી રહી છે.

શ્રમણજીવનના આચાર શ્રાવકોએ પણ જાણવાના છે. શ્રાવક તેને જ કહેવાય કે જે શ્રમણજીવનનો ઉમેદવાર હોય. સંયમી આત્માઓના આચાર જાણવાથી સંયમધર્મ પ્રત્યે બહુમાન પ્રગટે છે. સંયમ પ્રત્યે બહુમાન જાગવાથી એક દિવસ સંયમજીવનની પણ પ્રાપ્તિ થઈ જાય છે.

## સુરતમાં યોજાયેલા એક ફેશન શૉમાં મહિલાઓ દ્વારા અવનવાં પરિધાન સાથે કેટવૉક કરાયું



(તસ્વીરો : સતીષ જાદવ)